તેથી નિઃસંદેહ માનવું પડે છે કે તે એક સમયે જૈનમંદિર જ હશે અને સમય જતાં બ્રાહ્મણોએ તેને શિવમંદિર બનાવ્યું હશે. તેની પાસે નાગદા છે તે પણ પ્રાચીન જૈનતીર્થ છે. ત્યાં આજે ૧ જિનમંદિર તથા જૂના દેરાસરનાં ખંડેરો વિદ્યમાન છે.

આ પછી સમ્રાટ વિક્રમાદિત્યે શત્રુંજય તીર્થનો મોટો યાત્રાસંઘ કાઢ્યો હતો, જેમાં લાખો મનુષ્યો સાથે હતા, રાજાએ ત્યાં મોટો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.*

સૂરિજીના ઉપદેશની આ અજોડ સિદ્ધિ છે કે તે સમયે ભારતમાં અહિંસાનો વિજયધ્વજ ફરક્યો.

**સાહિત્યરચના :** આચાર્ય શ્રીસિદ્ધસેનસૂરિજીએ અનેક મૌલિક ગ્રંથો બનાવ્યા છે. તેઓ જૈન ન્યાયસાહિત્યના આદિ પુરસ્કર્તા છે. તેમની પહેલાંનો યુગ **આગમપ્રધાન** હતો. ગૌતમ ઋષિનું 'ન્યાયસૂત્ર' બન્યા પછી ન્યાયશાસ્ત્રની ઉપયોગિતા વધી, આથી જૈન દર્શનનાં તત્ત્વોને તર્કણાની કસોટીમાં કસીને સંસ્કૃતમાં રજૂ કરવાનું પરમ સૌભાગ્ય આ આચાર્યશ્રીને પ્રાપ્ત થયું છે. પરપક્ષને વાસ્તવિક રીતે બતાવી તેનું શ્રુતિ અને તર્કથી ખંડન અને સમર્થન; આ પદ્ધતિએ તેઓએ ન્યાયશાસ્ત્રને અદ્ભુત બનાવ્યું છે. તેમના ગ્રંથો નીચે પ્રમાણે છે.

૧. **ન્યાયાવતાર :** શ્લોક ૩૨, તેની ઉપર આ૦ સિદ્ધર્ષિએ ૨૦૭૩ શ્લોકની ટીકા, આ૦ ભદ્રસૂરિએ ૧૦૫૩ શ્લોકનું ટિપ્પણ રચ્યાં છે. આ સિવાય તેનું અંગ્રેજી ભાષાંતર, નોટ્સ અને સરળ ગુજરાતી ભાષાંતર પણ થયાં છે. જૈનન્યાયનો આ આદિ ગ્રંથ છે. તેમાં વસ્તુપ્રવાહ ભાગીરથીની જેવો મન્દ મન્દ ધીર અને ગંભીર વહ્યો જાય છે, તેની સંસ્કૃત ભાષા સુલલિત છે.

૨. **સમ્મતિતર્ક :** આચાર્યશ્રીનો આ અદ્ભુત અને મહાન ગ્રંથ છે. તેમાં જૈન દર્શનના તત્ત્વોની ન્યાયપૂર્ણ છણાવટ છે. આ ગ્રંથમાં ૩

---

* સમ્રાટ વિક્રમાદિત્યના સંઘમાં ૧૪ મુકુટબંધી રાજાઓ, ૭૦ લાખ શ્રાવક કુટુંબો, આ૦ સિદ્ધસેન વગેરે ૫૦૦ શ્રમણભગવંતો, ૧૬૯ સોનાનાં દેરાસરો, ૩૦૦ ચાંદીનાં દેરાસરો, ૫૦૦ હાથીદાંતનાં જિનાલયો, ૧૮૦૦ ચંદનનાં દેરાસરો, ૧ કરોડ રથ, ૬ હજાર હાથી, ૧૮ લાખ ઘોડા અને બીજા વ્યવસ્થાપકો, રક્ષકો, માણસો વગેરે વગેરે હતા.

આ સંઘ શત્રુંજય તથા ગિરનારની પગપાળા યાત્રા કરી પાછો ઉજ્જૈન ગયો હતો. સંઘમાં માનવોનો મહાસાગર ઉલટ્યો હતો.

કાંડો અને ૧૬૭ પ્રાકૃત ગાથાઓ છે. પહેલા કાંડમાં ૫૪ ગાથાઓ છે, જેમાં નયવાદનું વિશદ વર્ણન છે. નયવાદનું ગંભીર અને તલસ્પર્શી પર્યાલોચન કરવા ઈચ્છનારે આ કાંડનું બારીકાઈથી નિરીક્ષણ કરવું જોઈએ. બીજા કાંડમાં ૪૩ ગાથાઓ છે, જેમાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાનની સુંદર છણાવટ છે, તેમજ પ્રત્યક્ષ અને પરોક્ષ જ્ઞાનની વાસ્તવિકતા સમજાવી એની વિશદ ચર્ચા કરી છે. ત્રીજા કાંડમાં ૭૦ ગાથાઓ છે, જેમાં જ્ઞેય તત્ત્વની ચર્ચા કરી અનેકાન્તવાદ યાને સ્યાદ્વાદની સુંદર વિચારણા આપી છે. એમાં સ્યાદ્વાદના અપૂર્વ રહસ્યનો ખજાનો ભર્યો છે.

આ ગ્રંથ ઉપર શ્વેતાંબર અને દિગંબર આચાર્યોએ ટીકાઓ રચી છે. એમાં શ્વેતાંબર નૈયાયિક આ૦ મલ્લવાદિસૂરિજીકૃત ૭૦૦ શ્લોકપ્રમાણ ટીકા અને દિગંબર આ૦ સુમતિની ટીકા ઉપલબ્ધ નથી; રાજગચ્છીય શ્વેતાંબરાચાર્ય પ્રદ્યુમ્નસૂરિશિષ્યકૃત તર્કપંચાનન,* શ્રીઅભયદેવસૂરિજીકૃત **તત્ત્વબોધવિધાયિની** ટીકા વિદ્યમાન છે, જે પચીશ હજાર શ્લોકમાં છે. આ ટીકા ભારતીય સાહિત્યનો એક અપૂર્વ ગ્રંથ છે, એમ કહીએ તો ચાલે, જેનું બીજું નામ વાદમહાર્ણવ છે.卐

૩. **દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા** : આમાં સૂરિજીની બત્રીશ બત્રીશીઓનો સમાવેશ થાય છે. અત્યારે આમાંની ન્યાયાવતાર સહિત ૨૧ બત્રીશીઓ ઉપલબ્ધ છે, જે જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર તરફથી છપાઈ ગયેલ છે. આની રચના જ એવી અપૂર્વ ગૂઢ અને ગંભીરાર્થ ભરેલી છે કે આ બત્રીશ બત્રીશીઓ ઉપર કોઈ પણ સમર્થ વિદ્વાને ટીકા નથી રચી. આમાં જૈન, વૈદિક અને બૌદ્ધ સાહિત્યનાં તત્ત્વોની ગૂંથણી છે, જે બત્રીશીમાં જે વિષય લીધો તેને એટલી ગહન ભાષામાં અને એવી ઝીણવટભરી રીતે સંગ્રહીત કરેલ છે કે તે વિષયથી અજાણ મનુષ્ય તો આ બત્રીશીને સમજી શકે જ નહિં. આ બત્રીશીઓ પદ્યમાં છે અને તેની અનુષ્ટુપ, ઉપજાતિ, વૈતાલીય, પૃથ્વી, આર્યા પુષ્પિતા, વસંતતિલકા, શિખરિણી, મન્દાક્રાંતા,

---

★ મહોપાધ્યાય યશોવિજયજી મહારાજે પણ આ ગ્રંથ ઉપર ટીકા-ટિપ્પણ કરેલ હતું.

卐 સન્મતિતર્ક સટીક ભા.૧ થી ૫, ગુજરાત પુરાતત્ત્વ મંદિર-અમદાવાદ તરફથી પ્રકાસ્તિ થયો છે. ભા.૧લો શ્રીયશોવિજયજી ગ્રંથમાલા-કાશી અને જૈન ગ્રંથ પ્રકાશક સભા-અમદાવાદે પણ પ્રકાશિત કર્યો છે.

જેસલમેર ભંડારોમાં આ ગ્રંથની એક તાડપત્રીય પ્રત છે જે પ્રકાશિત ગ્રંથો કરતાં ઘણે સ્થાને જુદી પડે છે અને પ્રાચીન છે.

શાલિની વગેરે વગેરે જુદા જુદા છન્દોમાં રચના કરેલી છે. આચાર્ય હરિભદ્રસૂરિજીનો ષડ્દર્શનસમુચ્ચય, આ૦ હેમચંદ્રસૂરિની અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા, અયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા તથા પ્રમાણમીમાંસા અને મધ્વાચાર્યના સર્વદર્શનસંગ્રહ વગેરેનું મૂળ આ બત્રીશીઓમાં છે.

મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજના ન્યાયગ્રંથોમાં ખાસ સન્મતિતર્ક અને દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકાઓની છાયા ઝળહળે છે.

આ બત્રીશીઓમાં વાદબત્રીશી, વેદબત્રીશી, બૌદ્ધ સંતાનબત્રીશી, સાંખ્યપ્રબોધબત્રીશી વગેરે તો તે દર્શનગ્રંથોના સંદોહરૂપ છે. આમાંની ઘણી બત્રીશીઓમાં ભગવાન મહાવીરસ્વામીની સ્તુતિઓ છે. ક. સ. આચાર્ય શ્રીહેમચંદ્રસૂરિ જેને માટે કહે છે કે—

**क्व सिद्धसेनस्तुतयो महार्था, अशिक्षितालापकला क्व चैषा ।**

૪. **કલ્યાણમંદિર સ્તોત્ર** : અવન્તિ પાર્શ્વનાથના પ્રાગટ્ય માટે આ સ્તોત્ર બનેલ છે, જેમાં ભગવાન પાર્શ્વનાથની સ્તુતિ છે. વસન્તતિલકાના ૪૪ સંસ્કૃત શ્લોકો છે. ભાષા મંજુલ, સુલલિત, હૃદયંગમ, ભાવવાહી અને ભક્તિપોષક છે.

૫. **નયાવતાર** : આ૦ સિંહસૂરિ ક્ષમાશ્રમણે દ્વાદશારનયચક્રની ન્યાયાગમાનુસારિણી ટીકામાં આ ગ્રંથનો ઉલ્લેખ કર્યો છે. આ ઉપરાંત એ જ ટીકામાં આ૦ સિદ્ધસેનસૂરિના ગ્રંથોમાંથી (૧) **यत्र हार्थो वाच्यं व्यभिचरति नामाभिधानं तत्** । (૨) **कुतो ज्ञायते इति चेत् ? सत्तार्था इत्यविशेषेणोक्तत्वात् 'अस्ति-भवति-विद्यति-पद्यति-वर्ततयः सत्तार्थाः' इत्यविशेषेणोक्तत्वात् सिद्धसूरिणा** । (वि. १६६) ઇત્યાદિ ઉદ્ધરણો મળે છે જે દિવાકરજીના કોઈ અનુપલબ્ધ ગ્રંથોનાં હોવાનું મનાય છે.

૬. ગંધહસ્તિ-**વિવરણ** : આ૦ શીલાંકસૂરિજીના એક ઉલ્લેખ મુજબ આ૦ સિદ્ધસેનસૂરિએ 'આચારાંગસૂત્ર'ના પહેલા અધ્યયન ઉપર ગંધહસ્તિ-વિવરણ રચ્યું છે. જેમકે—

**शस्त्रपरिज्ञा-विवरणमतिबहुगहनं च गन्धहस्ति-कृतम् ।**
**तस्मात् सुखबोधार्थं, गृह्णाम्यमञ्जसा सारम् ॥१॥**

(आयरंगसुत्त—टीका)

આ ઉપરથી જણાય છે કે આ૦ સિદ્ધસેનસૂરિએ ગંધહસ્તિ વિવરણ બનાવ્યું હતું. એવી પણ એક માન્યતા છે કે, 'તત્ત્વાર્થસૂત્ર' ઉપર ગંધહસ્તિ